# વેલંજામાંથી નકલી ઘીનું કારખાનું પકડાયું

**૫૮૩** કિલો નકલી ઘી સહિત પાંચ લાખનો મુદ્દામાલ જપ્ત

**એક** આરોપીની ધરપકડ, એક ફરાર

**દોઢ** વર્ષથી આ ગોરખધંધો ચાલતો હતો


(તસવીર : સતીષ જાદવ)

સુરતઃ શહેરના ઉમરા-વેલંજા રોડ પર આવેલા અવસર પ્લાઝામાં ચાલતા નકલી ઘીના કારખાનાનો ઉત્રાણ પોલીસે પર્દાફાશ કર્યો છે. પોલીસે દરોડા દરમિયાન ૫૮૩ કિલોગ્રામ તૈયાર નકલી ઘી, ૨૨૦૦ જેટલા ડબ્બા અને મશીનરી સહિત અંદાજે પાંચ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

અવસર પ્લાઝાની દુકાન નંબર ૧૦૬ અને ૧૦૮માં દરોડો પાડ્યો હતો. જેમાં દુકાન નંબર ૧૦૬માં આધુનિક સાધનો સાથે નકલી ઘી બનાવવાની ફેક્ટરી મળી આવી હતી. જ્યારે બાજુની દુકાન નંબર ૧૦૮માં તૈયાર થયેલા નકલી ઘીનો સંગ્રહ કરાયેલો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે અહીંથી આ ગોરખધંધો ચલાવનાર ૩૨ વર્ષીય નિહાર ભરત મોવલિયાને ઝડપી પાડ્યો હતો. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, તે તૈયાર થયેલું નકલી ઘી સુરત શહેર તેમજ આસપાસના વિસ્તારોમાં સપ્લાય કરતો હતો. સમગ્ર મેન્યુફેક્ચરિંગ યુનિટનું સંચાલન ૩૦ વર્ષીય પિયુષ વિઠ્ઠલ સાંગાણી સંભાળતો હતો. જે ફરાર થઈ ગયો છે. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે આરોપીઓ છેલ્લા દોઢ વર્ષથી સોયાબીન તેલ અને ડાલડા ઘીને મોટા વાસણોમાં ગરમ કરીને તેમાં કેમિકલ સિરપ ઉમેરી અસલ ઘી જેવી સુગંધ પેદા કરતા હતા. ઉપરાંત ગાયના ઘી જેવો દેખાવ આપવા માટે આર્ટિફિશિયલ પીળો કલર પણ ઉમેરવામાં આવતો હતો. ત્યારબાદ આ મિશ્રણને ડબ્બામાં ભરી બજારમાં વેચાણ માટે મોકલવામાં આવતું હતું. પોલીસે દરોડા દરમિયાન અંદાજે રૂ.૩.૫૦ લાખ કિંમતનું ૫૮૩ કિલોગ્રામ તૈયાર નકલી ઘી, ૨૨૦૦ જેટલા ખાલી અને ભરેલા ડબ્બા, સોયાબીન તેલ-ડાલડાના ડબ્બા, સીલિંગ મશીન, વજન કાંટો, થર્મોમીટર અને ગેસ સિલિન્ડર સહિત કુલ અંદાજે પાંચ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

### ‘શ્રી સહજાનંદ’ અને ‘શ્રી ગજાનંદ’ના નામે નકલી ઘીનો ધંધો ચાલતો હતો

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આરોપીઓ નકલી ઘીને ડબ્બામાં ભરી ‘શ્રી સહજાનંદ’ અને ‘શ્રી ગજાનંદ’ નામના સ્ટીકર લગાવી તેને શુદ્ધ ગાયના ઘી તરીકે સુરત તેમજ આસપાસના વિસ્તારોમાં વેચાણ કરવામાં આવતું હતું .પ્રાથમિક તપાસ મુજબ છેલ્લા દોઢ વર્ષ દરમિયાન આ ટોળકી દ્વારા મોટી માત્રામાં નકલી ઘી બજારમાં પહોંચાડાયું હોવાનું સામે આવ્યું છે. પોલીસે દરોડા દરમિયાન મળેલા પુરાવાઓના આધારે હવે આ નકલી ઘી કયા-કયા વેપારીઓ સુધી પહોંચ્યું અને ક્યાં-ક્યાં વેચાણ થયું તેની દિશામાં તપાસ શરુ કરી છે.

# ટૂર પેકેજના નામે લાખોની છેતરપિંડી કરનાર ઝડપાયો

**બનારસથી** દાર્જિલિંગ સુધીની 13 દિવસની ટૂર અધૂરી મૂકી રૂપિયા 5.28 લાખ પરત ન આપતાં ફરિયાદ નોંધાઈ હતી

સુરત : 13 દિવસની દેશ-વિદેશ ટુર કરાવવાના બહાને લાખો રૂપિયા વસૂલ્યા બાદ અધૂરી ટુર કરાવી રકમ પરત ન આપનાર આરોપીને ચોકબજાર પોલીસે ઝડપી પાડ્યો છે. આરોપી સામે નોંધાયેલા ગુનામાં પોલીસે તપાસ બાદ કાર્યવાહી કરી ધરપકડ કરી છે.

વર્ષ 2022 દરમિયાન ફરિયાદી પાસેથી બનારસ, અયોધ્યા, કાઠમંડુ, જનકપુર, ગંગટોક, દાર્જિલિંગ અને બાગડોગરા સહિતના સ્થળોની 13 દિવસની ટુર માટે કુલ રૂપિયા 9,46,700 વસૂલવામાં આવ્યા હતા. આ ટુરનું આયોજન આરોપી યુવરાજ દીપકકુમાર જરીવાલા દ્વારા કરવામાં આવ્યું હતું. ફરિયાદ મુજબ આરોપીએ ટુર દરમિયાન પોતે સાથે જવાની ખાતરી આપી હતી. પરંતુ અંતિમ ક્ષણે તેણે પોતે ટુરમાં જોડાવાનું ટાળ્યું અને તેના બદલે પોતાની માતા તથા મેનેજરને ટુરમાં મોકલ્યા હતા. ટુર શરૂ થયા બાદ પણ આયોજન મુજબ સમગ્ર પ્રવાસ પૂર્ણ કરવામાં આવ્યો નહોતો. આરોપીની માતા અધૂરી ટુરમાંથી જ પરત આવી જતા ફરિયાદીને પણ પોતાની રીતે ટુર અધૂરી રાખી સુરત પરત ફરવું પડ્યું હતું. ફરિયાદીએ બાદમાં આરોપી પાસે ટુર માટે ચૂકવેલી રકમમાંથી બાકી રહેલા રૂપિયા 5,28,000 પરત માંગ્યા હતા. છતાં આરોપીએ રકમ પરત આપવાનો ઇન્કાર કરતા આખરે છેતરપિંડીનો મામલો ચોકબજાર પોલીસ મથક સુધી પહોંચ્યો હતો. આ મામલે વર્ષ 2026માં ચોકબજાર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયા બાદ પોલીસ ઇન્સપેક્ટર એન.જી. ચૌધરીના માર્ગદર્શન હેઠળ પોલીસ સબ ઇન્સ્પેક્ટર વી.ડી. ડોડીયા સહિતની ટીમ આરોપીની શોધખોળમાં લાગી હતી. તપાસ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે યુવરાજ દીપકકુમાર જરીવાલા (ઉંમર 36), હાલ રહે. ગ્લોબલ રેસીડેન્સી, ભેસાણ રોડ, રાંદેર, સુરત તથા મૂળ વતન વેકેન્ઝા હોમ્સ એપાર્ટમેન્ટ, કેનાલ રોડ, ભીમરાડ, અલથાણ) ને ઝડપી પાડ્યો હતો. હાલ પોલીસે આરોપીની ધરપકડ કરી આગળની પૂછપરછ શરૂ કરી છે.

## ક્રાઈમ બ્રીફ

### રાયન ઇન્ટરનેશનલ સ્કૂલના સફાઈકર્મીનો આપઘાત

સુરત : પાંડેસરામાં ટીબીની બીમારીથી કંટાળીને રાયન ઇન્ટરનેશનલ સ્કૂલના સફાઈકર્મીએ બીજા માળેથી પડતું મુકીને જીવન ટૂંકાવી લીધું હતું. મૂળ ભરૂચના વતની દીપક મલજીભાઈ સોલંકી (45 વર્ષ) હાલ પાંડેસરા વિસ્તારમાં આવેલી આશાપુરી સોસાયટી વિભાગ-2માં ત્રણ સંતાન સહિતના પરિવાર સાથે રહેતો હતો. દીપક રાંદેર વિસ્તારમાં આવેલી રાયન ઇન્ટરનેશનલ સ્કૂલમાં સફાઈ કર્મી તરીકે નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. ત્રણેક મહિના પહેલા દીપકને ટીબીની બીમારી થઈ હતી. જે સારી નહીં થતા તણાવમાં આવીને દીપકે આજે મધરાત્રે ઘરના બીજા માળેથી પડતું મૂક્યું હતું. બનાવની જાણ પરિવારને થતા તેને 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ટૂંકી સારવાર બાદ વહેલી સવારે દીપકનું મોત થયું હતું.

### અમરોલીમાં બીજા માળેથી પટકાતાં ત્રણ વર્ષના બાળકનું મોત

સુરત : અમરોલીમાં રમતી વખતે બીજા માળેથી પટકાતાં ત્રણ વર્ષના બાળકનું મોત નિપજ્યું હતું. મૂળ છોટાઉદેપુરના વતની શૈલેષભાઈ રાઠવા હાલ અમરોલી વિસ્તારમાં આવેલી મનીષા સોસાયટીમાં બે સંતાન સહિતના પરિવાર સાથે રહે છે. શૈલેષભાઈ મહિધરપુરા વિસ્તારમાં ચાની લારી ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેના સંતાન પૈકી 3 વર્ષીય પુત્ર દક્ષ ગુરુવારે બપોરે તેની મોટી બહેન સાથે ઘરમાં રમી રહ્યો હતો. દરમિયાન રમતી વખતે દક્ષ બાલ્કનીના ભાગેથી બીજા માળેથી નીચે પડી ગયો હતો. બનાવની જાણ થતાં પરિવારજનો 108 એમ્બ્યુલન્સમાં તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ લઈ આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન આજે વહેલી સવારે દક્ષનું મોત થયું હતું.

### ચેક રિટર્ન કેસમાં આરોપીને એક વર્ષની સજા

સુરતઃ મિલકત વ્યવહારમાં લીધેલી રકમ પરત કરવા અપાયેલ ચેક રીટર્ન કેસમાં રાજકોટના કિરણભાઈ વડારીયાને એક વર્ષની કેદની સજા તેમજ રકમ રૂ.૧૬,૩૦,૦૦૦ ફરીયાદીને વળતર તરીકે ચુકવવાનો કોર્ટે આદેશ કર્યો હતો. ફરીયાદી ભાઈલાલ જગજીવન જાખણીઆએ આરોપી કિરણભાઈ વડારીયા પાસેથી મિલ્કત ખરીદવા પાર્ટ પેમેન્ટ તરીકે રૂ.૧૦,૦૦,૦૦૦ ચુકવ્યાં હતા. ત્યારબાદ આરોપી મિલકત અંગેનાં કાગળો તેમજ જવાબ આપતા ન હોય અને ફરીયાદી સાથે મિલકત વેચાણનો સોદો મૌખીક રીતે કેન્સલ કરવાનું આરોપીએ નક્કી કરી રકમ પરત આપવા આરોપીએ ચેક આપ્યો હતો. જે ચેક રિટર્ન થતાં ફરીયાદીએ એડવોકેટ નરેશ નાવડીયા દ્વારા કોર્ટમાં ફરીયાદ કરી હતી.

# માતાએ ઠપકો આપતા 14 વર્ષના પુત્રનો આપઘાત

**ટાઈફોઈડ** થતા ચાર દિવસ પહેલા જ વતનથી માતા પાસે સુરત આવ્યો હતો

સુરત : પાંડેસરામાં રમવા બાબતે માતાએ ઠપકો આપતા 14 વર્ષના બાળકે ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. બાળક રુદ્રાક્ષ માસી સાથે વતનમાં રહેતો હતો. જોકે તેને ટાઈફોઈડ થતા ચાર દિવસ પહેલા જ વતનથી માતા પાસે સુરત આવ્યો હતો.

મળેલી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના વતની સંધ્યા મિશ્રા હાલ પાંડેસરા વિસ્તારમાં આવેલા ઈશ્વરનગરમાં રહે છે. તે મજૂરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. સંધ્યાના 10 વર્ષ પહેલા પતિ સાથે છૂટાછેડા થઈ ગયા હતા. ત્યારબાદ તેનો એકનો એક 14 વર્ષીય પુત્ર રુદ્રાક્ષ તેની બહેનના ઘરે વતનમાં રહેતો હતો અને ત્યાં જ ધોરણ-8માં અભ્યાસ કરતો હતો. રુદ્રાક્ષને ચાર દિવસ પહેલા ટાઈફોઈડ થયો હતો. જેથી તે વતનથી સુરત તેની માતા પાસે આવ્યો હતો. દરમિયાન આજે બપોરે 12:30 વાગ્યાના સુમારે રુદ્રાક્ષે ઘરમાં લોખંડના એંગલ સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. ટાઈફોઈડની બીમારીથી પીડિત રુદ્રાક્ષ બપોરના સમયે ઘરની બહાર તડકામાં રમી રહ્યો હતો. જેથી તેની માતાએ રમવા બાબતે ઠપકો આપ્યો હતો. જે વાતનું માઠું લગાવીને તેએ આત્મહત્યા કરી લીધી હોવાની વાત તેના પરિવારમાં ચર્ચાઈ રહી હતી. જોકે બનાવને પગલે પાંડેસરા પોલીસે અકસ્માત મોતની નોંધ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

**કમેલા દરવાજાથી મુલચંદ માર્કેટ સુધી કોન્ટ્રાક્ટરની દાદાગીરી**

# પે એન્ડ પાર્કનો કોન્ટ્રાક્ટ ચાર માસ પહેલા પૂરો છતાં ઉઘરાણાં

**સરફરાજ** નામના ઇસમ દ્વારા ખુલ્લેઆમ પાર્કિંગના નામે ઉઘાડી લૂંટ છતાં અધિકારીઓના આંખ આડા કાન

સુરતઃ શહેરના ધમધમતા રીંગરોડ વિસ્તારમાં આવેલા કમેલા દરવાજા, અન્નપૂર્ણા ટેક્સટાઈલ માર્કેટથી મુલચંદ માર્કેટ સુધીના ‘ઓન સ્ટ્રીટ પે-એન્ડ-પાર્ક’માં ઈજારદાર દ્વારા કાયદાના લીરેલીરા ઉડાડવામાં આવી રહ્યા છે. આ પાર્કિંગનો વાર્ષિક 40 લાખ રૂપિયાનો કોન્ટ્રાક્ટ છેલ્લા 4 મહિના પહેલા જ પૂર્ણ થઈ ગયો હોવા છતાં, કોન્ટ્રાક્ટર દ્વારા હજુ પણ ગેરકાયદેસર રીતે ઉઘરાણી ચાલુ રાખવામાં આવી છે. જ્યારે લોકો દ્વારા અહી પાર્કીંગની રસીદ માંગવામાં આવે છે ત્યારે કોન્ટ્રાક્ટરના માણસો રસીદ આપવાને બદલે લડાઈ-ઝગડો કરી ધાકધમકી આપે છે. મનપાના ભ્રષ્ટ અધિકારીઓ અને લેભાગુ કોન્ટ્રાક્ટરોની આ જુગલબંદીને કારણે સરકારી તિજોરીને લાખોનું નુકસાન થઈ રહ્યું છે અને સામાન્ય જનતા ‘પાલિકાના નામે’ લૂંટાઈ રહી છે.

સરફરાઝ નામનો વ્યક્તિ આ ગેરકાયદે પાર્કિંગ ચલાવી રહ્યો છે. અહીં માત્ર ટુ-વ્હીલર જ નહીં, પણ ટેમ્પો, આઈસર અને ટ્રક જેવા મોટા વાહનો પાસેથી માસિક ટોકન અને પાસ બનાવીને હજારો રૂપિયાની ગેરકાયદે વસૂલાત કરવામાં આવી રહી છે. જ્યારે પાર્કિંગ કરવા આવતા લોકો દ્વારા વર્ક ઓર્ડર જોવા માંગ્યો, ત્યારે 4 મહિના જૂનો એક્સપાયર થયેલો ઓર્ડર બતાવીને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરાયો હતો અને પુરાવા તરીકે ફોટો પાડવા દેવામાં આવ્યો નહોતો. સ્થાનિક પોલીસ અને મનપાના અધિકારીઓને નિયમિત ‘હપ્તા’ પહોંચતા હોવાથી આ ગેરકાયદેસર પ્રવૃત્તિ સામે કોઈ એક્શન લેવામાં આવતું નથી. તંત્ર પ્રજાના પૈસે તાગડધિન્ના કરી રહેલા આવા તત્વો સામે લાલ આંખ કરવાને બદલે કેમ મૌન સેવી રહ્યું છે?

# દુબઈથી મુંબઈની ફ્લાઈટનું સુરત એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ

**એરક્રાફ્ટમાં** નેવિગેશન ફોલ્ટને લીધે પાયલટે સુરત એરપોર્ટ સેફ લેન્ડિંગ કરવાનો નિર્ણય, વિમાન ગ્રાઉન્ડેડ કરાયું

**178** પેસેન્જરનું કસ્ટમ ક્લિયરન્સ સુરત એરપોર્ટ પર કરવામાં આવ્યું

સુરતઃ દુબઈથી મુંબઈ આવી રહેલી સ્પાઈસ જેટ એરલાઈન્સની ફ્લાઈટ SG 5514 (બોઈંગ 737/85R)ને શુક્રવારે સવારે 8.15 કલાકે સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરાવવાની ફરજ પડી હતી.

પેસેન્જર્સ અને એરપોર્ટનાં સૂત્રોના જણાવ્યા મુજબ યુએઈના દુબઈથી મુંબઈ આવી રહેલી આ ફ્લાઈટ મુંબઈ એરપોર્ટ લેન્ડ થવાને બદલે સુરત એરપોર્ટ લેન્ડ થવા આવી રહી હોવાનો SOS કોલ સુરત એટીસીને મળ્યો હતો. આ ઘટના સાક્ષી પેસેન્જર્સે જણાવ્યું હતું કે, સુરત એરપોર્ટ પર પેરામેડિક એમ્બ્યુલન્સ અને ફાયર ફાઈટર્સને એલર્ટ પર રાખવામાં આવ્યા હતા. એના લીધે એરક્રાફ્ટ સાથે કંઈક બન્યું હોવાની અમને શંકા છે.

એવિયેશન સેક્ટરનાં સૂત્રોના જણાવ્યા મુજબ 178 પેસેન્જરને દુબઈથી મુંબઈ આવી રહેલી સ્પાઈસ જેટની ફ્લાઈટની GPS રડાર સાથેની નેવિગેશન સિસ્ટમમાં ખામી સર્જાતાં આ વિમાન સવારે મુંબઈ એરપોર્ટના વ્યસ્ત સમયમાં મુંબઈ લેન્ડિંગ કરાવવાને બદલે નજીકના સુરત એરપોર્ટ સેફ લેન્ડિંગ કરાવવા પાયલટને સૂચના આપવામાં આવી હતી.

સવારે 8.15 કલાકે સુરત એરપોર્ટ પર વિમાન લેન્ડ થતા જ પેસેન્જર્સને ઊતરી ગ્રાઉન્ડેડ કરી દેવામાં આવ્યું હતું. જે રાતે 8 વાગ્યા સુધી પણ સુરત એરપોર્ટ પર મેઈન્ટેનન્સ માટે ઊભું રહ્યું હતું.

વિમાન સુરત એરપોર્ટ પર ઊતરતા જ પેસેન્જર્સને લગેજ સાથે કસ્ટમ એરિયામાં લાવી બેસાડવામાં આવ્યા હતા. સુરત એરપોર્ટ પર સ્પાઈસ જેટ એરલાઈનની કોઈ ફ્લાઈટ ઉડ્ડયન કરતી ન હોવાથી 178 પેસેન્જરની સરભરા માટે બીજી એરલાઈન્સના સ્ટાફની મદદ લેવાઈ હતી. જો કે, સુરત એરપોર્ટ ઓથોરિટીએ વિમાનમાં નેવિગેશનની સમસ્યા સર્જાઈ હોવાનો ઈનકાર કર્યો હતો.

### સુરતના આકાશમાં સતત ચકરાવો લેતાં પેસેન્જર્સના જીવ તાળવે ચોંટ્યા

સ્પાઇસ જેટની ફ્લાઈટમાં શુક્રવારે મોટી ટેકનિકલ ખામી સર્જાતા મુસાફરોના જીવ તાળવે ચોંટ્યા હતા. વિમાને સેફ લેન્ડિંગ કરવા સુરતના આકાશમાં સતત ચકરાવા માર્યા હતા. વીઆર મોલ પાસે ખૂબ નજીકથી ઇડી રહેલા વિમાનને જોઈ લોકોને આશ્ચર્ય થયું હતું. નેવિગેશન સિસ્ટમ ફોલ્ટની સ્થિતિમાં પાયલટને સુરત એરપોર્ટની નવી ઇન્સ્ટોલ થયેલી આધુનિક નેવિગેશન સુવિધા વચ્ચે સેફ લેન્ડિંગ કરવું યોગ્ય લાગ્યું હતું.

# પ્રેમ પ્રકરણ: મહિલા કર્મીઓએ ચોટલા પકડી લાફાવાળી કરી

**નવી** સિવિલમાં એક જ યુવક સાથે મોબાઇલ પર વાતચીતથી બબાલ

સુરત : નવી સિવિલ હોસ્પિટલના ઇમર્જન્સી સારવાર વિભાગમાં શુક્રવારે બપોરે વર્ગ ચારની બે મહિલા કર્મચારીઓ વચ્ચે ચોટલા ખેંચીને થયેલી મારામારીની ઘટના ચર્ચાનો વિષય બની છે. સુરત નવી સિવિલ હોસ્પિટલના તાત્કાલિક સારવાર વિભાગના પેસેજ વિસ્તારમાં શુક્રવારે બપોરના સમયે વર્ગ ચારની એક મહિલા કર્મચારી પોતાના ઓળખીતા યુવક સાથે મોબાઇલ ફોન પર વાતચીત કરી રહી હતી. તે દરમિયાન નજીકમાં હાજર બીજી મહિલા કર્મચારીને શંકા જતા તેણે પણ તે જ યુવકને ફોન કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તેનો ફોન સતત વ્યસ્ત આવતા તેની શંકા વધુ મજબૂત બની હતી. ત્યારબાદ બંને મહિલા કર્મચારીઓ વચ્ચે આ મુદ્દે બોલાચાલી શરૂ થઈ હતી. બોલાચાલી દરમિયાન એક મહિલા કર્મચારીએ બીજી પાસેનો મોબાઇલ ફોન લઈ તપાસ કરતાં તે જ યુવક સાથે વાતચીત થતી હોવાની હકીકત સામે આવી હતી.

આ વાત સામે આવતા બંને મહિલા કર્મચારીઓ ગુસ્સે ભરાઈ ગઈ હતી અને પેસેજમાં જ એકબીજા સાથે બાખડી પડી હતી. બંને વચ્ચે ધક્કામુક્કી અને હાથાપાઈ બાદ ચોટલા પકડીને મારામારી થતા તાત્કાલિક સારવાર વિભાગમાં થોડા સમય માટે હંગામો મચી ગયો હતો. ઘટનાની જાણ થતાં ત્યાં હાજર અન્ય કર્મચારીઓ અને સ્ટાફ સભ્યો દોડી આવ્યા હતા અને બંને મહિલાઓને અલગ પાડી મામલો શાંત પાડ્યો હતો.

### કોન્ટ્રાક્ટર સાથે સંબંધ હોવાની ચર્ચા

આ ઘટનાને પગલે સિવિલ હોસ્પિટલના સ્ટાફ વર્તુળોમાં અનેક ચર્ચાઓ શરૂ થઈ ગઈ હતી. બંને મહિલા કર્મચારીઓ એક જ કોન્ટ્રાક્ટર સાથે નજીકના સંબંધમાં હોવાની ચર્ચા પણ હોસ્પિટલ પરિસરમાં જોર પકડતી જોવા મળી હતી. હાલમાં બંને મહિલાઓ વિરુદ્ધ કોઈ ઔપચારિક ફરિયાદ નોંધાઈ નથી, પરંતુ આ ઘટનાએ હોસ્પિટલના વર્કિંગ વાતાવરણ પર અસર કરી છે.

# મિડીએશન સેન્ટરમાં બે પક્ષકાર વચ્ચે મારામારી

**સમાધાનની** રકમ મુદ્દે સસરા-જમાઈ સહિતના પક્ષકારો વચ્ચે ધનાધની થઈ, પોલીસ બોલાવવી પડી

**વકીલ** જોબનપુત્રાએ મામલો થાળે પાડ્યો

સુરતઃ શુક્રવારે મિડીએશન સેન્ટરમાં સમાધાન માટે ભેગા થયેલા એક કેસના પક્ષકારો વચ્ચે છૂટા હાથની મારામારી થતાં ખળભળાટ મચી ગયો હતો. મામલો વધુ બિચકતાં પોલીસ પહોંચી ગઈ હતી. જો કે, મિડીએટરોની સમજાવટ બાદ સમાધાન થયું હતું.

આ અંગે મિડીએશન સેન્ટરના મિડીએટર વકીલ આઈ.વી. જોબનપુત્રાએ જણાવ્યું હતું કે, ફેમિલી કોર્ટ દ્વારા ડિંડોલીના દંપતીનો છૂટાછેડા અંગેનો કેસ મિડીએશન સેન્ટરમાં રિફર કરાયો હતો. બપોરના સમયે બંને પક્ષની મિડીએટર સાથે બેઠક ચાલતી હતી, જેમાં રકમ બાબતે બંને પક્ષ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. જેને ઠારવા માટે મિડીએટરો બંને પક્ષને શાંત પાડવાની કોશિશ કરતા હતા. પરંતુ જમાઈ અને સસરાએ સામસામે આવીને છૂટા હાથની મારામારી શરૂ કરી દેતાં પોલીસ બોલાવવી પડી હતી.

આ દરમિયાન મિડીએટર એડ્વોકેટ આઈ.વી.જોબનપુત્રાએ પહોંચી જઈ તમામને શાંત પાડી આજની ઘટના અંગે બંને પક્ષને પોલીસ ફરિયાદ નહીં આપવાનું સમજાવી મામલો થાળે પાડ્યો હતો. ત્યારબાદ મિડીએશન સેન્ટરને રિફર કરાયેલા છૂટાછેડા કેસ બાબતે બંને પક્ષ વચ્ચેના મિડીએટર વકીલો સમાધાન કરાવવામાં સફળ રહ્યા હતા.

# RTOના કામ માટે ધમકી આપતો એજન્ટ ઝડપાયો

**આરોપી** એસીબી પીઆઈનો મિત્ર હોવાનો ખોટો દાવો કરતો હતો

સુરત : અડાજણ વિસ્તારમાં આરટીઓ સંબંધિત ગેરકાયદે કામ કરાવવા માટે ધાકધમકી આપતા એક એજન્ટને પોલીસે ઝડપી પાડ્યો છે. આરટીઓ સંબંધિત ગેરકાયદે કામ કરાવવા માટે ફરિયાદીને ધાકધમકી આપવાના બનાવની જાણ થતાં અડાજણ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર વી.એ. જોગરાણાએ કેસની ગંભીરતા ધ્યાનમાં લઈ તપાસ માટે માર્ગદર્શન આપ્યું હતું. તેમની સૂચના મુજબ સર્વેલન્સ પીએસઆઈ દ્વારા સ્ટાફની અલગ-અલગ ટીમો બનાવી આરોપીની શોધખોળ શરૂ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન પોલીસ કર્મચારીઓએ ટેક્નિકલ સર્વેલન્સ તેમજ હ્યુમન સોર્સિસના આધારે આરોપી સુધી પહોંચવામાં સફળતા મેળવી હતી. પોલીસે આરોપીને પકડી તેની પૂછપરછ કરતાં જાણવા મળ્યું કે આરોપી છેલ્લા લગભગ ૨૦ વર્ષથી આરટીઓ સંબંધિત કામ એજન્ટ તરીકે કરતો હતો. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે આરોપી ફરિયાદીને ગેરકાયદે કામ કરાવવા માટે સતત દબાણ કરતો હતો. આ દરમિયાન તેણે પોતે એસીબીના પીઆઈનો નજીકનો મિત્ર હોવાનું કહી ખોટી ધાકધમકી આપીને ફરિયાદીનો પીછો કર્યો હતો. પોલીસે આ મામલે જગદીશભાઈ ઉર્ફે જગો બાલુભાઈ પટેલ (ધંધો: આરટીઓ એજન્ટ, રહે. ક્રિસ્ટલ એવન્યુ એપાર્ટમેન્ટ, પાલનપુર કેનાલ રોડ, અડાજણ)ને ઝડપી પાડ્યો છે. પોલીસ દ્વારા આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

**મનપા માટે 18 દિવસમાં 947 કરોડનાં બિલોની ચૂકવણીનો પડકાર**

# એકાઉન્ટ વિભાગની આડોડાઈથી 100 ટકા ખર્ચની હેટ્રિક પર પ્રશ્નાર્થ

**દિવાળીથી** બિલોની ચૂકવણી અટકાવાતા ખર્ચના અંદાજમાં 1000 કરોડથી વધુનો ઘટાડો કરવો પડશે

સુરત : મહાનગરપાલિકામાં છેલ્લા બે વર્ષથી રિવાઈઝ્ડ કેપિટલ બજેટનો લગભગ 100 ટકા ખર્ચ દર્શાવી લક્ષ્યાંક હાંસલ કરવામાં આવ્યો હતો. પરંતુ વર્તમાન નાણાકીય વર્ષ 2025-26માં આ લક્ષ્યાંક પૂર્ણ કરવામાં મુશ્કેલી ઊભી થવાની સંભાવના છે. તંત્રના સૂત્રો મુજબ આ સ્થિતિ પાછળ મનપાના એકાઉન્ટ વિભાગની આડોડાઇ મુખ્ય કારણ તરીકે સામે આવી રહી છે.

મનપાએ ચાલુ વર્ષ માટે 3657 કરોડ રૂપિયાનું રિવાઈઝ્ડ કેપિટલ બજેટ નક્કી કર્યું હતું. પરંતુ 13 માર્ચ સુધીમાં માત્ર 2710 કરોડ રૂપિયાનો જ ખર્ચ નોંધાયો છે. એટલે કે માત્ર 18 દિવસમાં 947 કરોડ રૂપિયાનું ખર્ચ નોંધાવવું પડશે, જે તંત્ર માટે મોટો પડકાર બની શકે છે.

સૂત્રો મુજબ દિવાળી પૂર્વેથી કોન્ટ્રાક્ટરોના બિલોની ચૂકવણીમાં યેનકેન પ્રકારે અવરોધ ઊભા કરવામાં આવ્યા હતા. એકાઉન્ટ વિભાગ દ્વારા વિવિધ ટેક્નિકલ મુદ્દાઓ ઉભા કરી બિલોની ક્લિયરન્સ પ્રક્રિયા ધીમી પાડવામાં આવી હતી. આ પરિસ્થિતિને પગલે મનપાને રિવાઈઝ્ડ બજેટમાં કેપિટલ ખર્ચમાં 1000 કરોડથી વધુનો ઘટાડો કરવાની ફરજ પડી હોવાનું કહેવાય છે.

### મિલકત વેરાના લક્ષ્યાંકને એસઆરઆઇ અને બીએલઓની કામગીરી નડી જશે

મનપાની આવકમાં મિલકત વેરો સૌથી મહત્વનો સ્ત્રોત ગણાય છે. ચાલુ વર્ષમાં 2559 કરોડની વસૂલાતનો અંદાજ મુકાયો હતો, પરંતુ અત્યાર સુધીમાં માત્ર 1610 કરોડ એટલે કે લગભગ 62 ટકા જ વસૂલાત થઈ છે. ગત વર્ષે આ આંકડો 72 ટકા સુધી પહોંચ્યો હતો. કર્મચારીઓ બીએલઓ અને એસઆઈઆર જેવી કામગીરીમાં વ્યસ્ત રહેતાં મિલકત વેરા સહિતની આવકની વસૂલાત પર પણ અસર પડી હોવાનું મનપાના સૂત્રો જણાવે છે.

L.H.BOGHRA (SHISHUVIHAR) SCHOOL
ADAJAN ROAD, SURAT. PH. NO:-0261-2782184
ADMISSION OPEN 2026-27
(ENG./GUJ.MEDIUM) (GSEB) / (GLOBAL GUJARATI MEDIUM)
SCAN HERE TO FILL FORM ONLINE
A.C. CLASS-ROOMS
APPLY OFFLINE OR ONLINE
Admission form for the Playgroup, Nur, Jr.kg & Sr.kg will be available From: 8.00am to 12.00 noon
To fill the form online :- www.lhboghraschool.org
For Nursery child's birth date must be between Date: 02/06/2022 to Date: 01/06/2023. (3 to 4 years)
Playgroup Age criteria: 2 Years complete as on Date: 02/06/2026
Kindly bring the original birth certificate of your child. Affidavit or Xerox copy will not be accepted.
Opp. Shree Ram Petrol Pump, Anand Mahal Road, Adajan, Surat-395009
CALL US 8200489884
lhboghra.school@gmail.com www.lhboghraschool.org